ગાંધીનગર સમાચાર

તા. ૧૪-૧-૨૦૧૨, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### સૂર્ય ચેતનાનું પર્વ મકરસંક્રાતિ : પતંગ એ માનવીના ચિદાકાશના ઊર્ધ્વગામી ઉમંગનું પ્રતીક છે

ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ પૂજાનું અનેરૂં મહત્ત્વ છે. સૂર્ય એ પ્રકૃતિનો રાજાધિરાજ, શાશ્વત પ્રકાશનો અખંડ સ્રોત છે. એ સૃષ્ટિનો સંચાલક છે; અખિલ બ્રહ્માંડને અજવાળતો બ્રહ્માંડ નાયક છે. આપણા આરાધ્ય મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામચંદ્ર સૂર્યવંશી છે. વિજ્ઞાનની દૃષ્ટિએ સૂર્ય અચળ છે. એ ધગધગતો વાયુગોળો છે, ઊર્જાનો અખંડ ભંડાર છે. જયોતિષશાસ્ત્ર એને ગ્રહોનો રાજા ગણે છે. વિજ્ઞાન એને તારો કહે છે. આપણા બ્રહ્માંડ જેવાં અનેક ગણે છે અને દરેક બ્રહ્માંડને એનો પોતપોતાનો સૂર્ય છે. પરંતુ આપણે હજી એ બ્રહ્માંડોનું રહસ્ય પામી શક્યા નથી. સૂર્યનું રહસ્ય પામવાનો સૌથી પહેલો પ્રયાસ બાલ હનુમાને કર્યો હતો. કેવી રમણીય કલ્પના : 'લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ!'

પૃથ્વી એ સૂર્ય તનયા છે. એથી સ્તો સૂર્યને આપણે પિતૃભાવે પૂજીએ છીએ. સૂર્ય દર મહિને રાશિ બદલે છે. એનું મકર સંક્રમણ એ જ આજની ઉત્તરાયણ. થીજી ગયેલો સૂરજનો ચહેરો હવે દિનપ્રતિદિન વધુ ને વધુ દીપ્ત-પ્રદીપ્ત બનશે. શાંત-સૌમ્ય શિયાળુ સૂર્ય ધીરે ધીરે એનું અસલી ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે. એની ઉત્તર ગતિ શુકનિયાળ ગણાઈ છે. ભીષ્મ પિતામહે સૂર્ય ઉત્તર તરફ પ્રયાસ કરે ત્યાં સુધી કુરૂક્ષેત્રમાં બાણશૈયા પર પડી રહેવાનું પસંદ કર્યું હતું તે અમથું કે?

સૂર્ય જાગતો જોગંદર છે. સૂર્ય સમસ્ત ચરાચર સૃષ્ટિનો સર્જક પણ છે અને પોષણ પણ. એને મન રાજા કે રંક, હિન્દુ કે મુસલમાન, દેશી કે વિદેશી જેવા કોઈ ભેદભાવ નથી. તમે એને પૂજશો તો પણ તમને એ એટલું જ અજવાળું આપશે જેટલું એ એની સામે ધૂળ ઉડાડનારાને આપે છે. સૂર્ય સ્વયંપ્રકાશિત છે. એટલે એને પોતાના મહિમાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી. સૂર્ય પ્રથમ રાશિ મેષમાં ઉચ્ચનો બને છે અને સિંહ રાશિમાં એ સ્વગૃહી મનાયો છે. આખરે તો સિંહ અને સૂર્યનાં સ્વભાવ પણ એકસરખો જ છે ને! એક જંગલનો રાજા છે, બીજો આકાશમાં બેઠો બેઠો સમસ્ત ચરાચર બ્રહ્માંડની રખેવાડી કરે છે! ઊગતો સૂર્ય પણ લાલ હોય છે, ને આથમતો સૂર્ય પણ. મહાપુરૂષનું આ લક્ષણ છે : સુખમાં કે દુ:ખમાં એ સમાન ભાવ રાખી જાણે છે. ઉત્તરાયણમાં આપણે ગુજરાતીઓ પતંગ ચગાવી સૂર્યને વિશિષ્ટ અર્ધ્ય આપીએ છીએ. પતંગ એ આપણી ઉચ્ચ અભિલાષાનું પ્રતીક છે. એ પેલા બાલ હનુમાનની જેમ સૂર્યને આંબવા મથે છે. મકર સંક્રાંતિમાં તલ-ગોળના લાડુનો મહિમા છે. એમાં ભારોભાર આયુર્વેદ સમાયેલો છે. મકરસંક્રાંતિ એ સૂર્ય ચેતનાનું પર્વ છે અને લોહચુંબકની જેમ એ જીવ માત્રને સૂર્ય તરફ ખેંચાવા પ્રેરે છે. સૂર્ય જન્મકુંડળીમાં 'આત્મા' નો કારક મનાયો છે. ઉત્તરાયણને દિવસે આપણે જે પતંગ ચગાવીએ છીએ તે હકીકતમાં આપણા ચિદાકાશના ઊર્ધ્વગામી ઉમંગનું પ્રતીક છે.

## સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો

### સપ્તાહ દરમિયાન વકૃતત્વ, નિબંધ, પ્રશ્ન મંચ, ગ્રામ સફાઈ વગેરે યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત, મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા દ્વારા તા.૧૨ જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ સપ્તાહનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સંસ્થાના વિદ્યાર્થીઓ, અધ્યાપકગણ અને આમંત્રિત મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને રાષ્ટ્રીય યુવા દિનને મનાવ્યો હતો અને કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

સ્વામી વિવેકાનંદની જન્મજયંતિના સાપ્તાહિક કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે વિનોદભાઈ પટેલ, કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રા. જમનાદાસ સાવલિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સમગ્ર રૂપરેખા ડૉ. અરવિંદભાઈ રામીએ આપી હતી. અને જણાવ્યુંહતું કે, સપ્તાહ દરમિયાન વકૃતત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પ્રશ્ન મંચ, સૂત્ર લેખન અનેગ્રામ સફાઈ જેવા કાર્યક્રમો કરવામાં આવશે.

આ પ્રસંગે અતિથિઓનું સુતરની આંટીથી સ્વાગત વિપુલ ઝડપડિયા અને હિરેન ગાઈને કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. નીરજભાઈ સિલાવટ અને આભારવિધિ ડૉ. ઉદાજી પરમારે કરી હતી.

## ગજાનન સેવા સમિતિના ઉપક્રમે ડાંગ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૩

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિતે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ડાંગ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૧૪૨૨ બાળકોને તપાસી દવા આપી આરોગ્ય સંબંધી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લાના સાપુતારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ૩૭ શાળાના ૪૪૯૮ બાળકોને તાજેતરમાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસી દવા આપવામાં આવી હતી. બરડવાણી, પિપલપાડા, વાંકી, ગલકુંડ, પોચરઘોડી, બોરખલ, સાપુતારા વગેરે ગામોની શાળાઓ ડૉ. કૃષ્ણાનંદ ચિતાણીયા તથા ડૉ. સુવીણાબેન ચિતાણીયાએ આવરી લીધી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફિસર ન હોવાથી ત્યાંના શાળા સુપરવાઈઝર રમેશભાઈની દેખરેખ નીચે કામગીરી પૂર્ણ કરી હતી. ચાર દિવસના કાર્યક્રમમાં મિલિન્દ ગુપ્તે, વિશેષ મોરે, ગોપાલ આચાર્ય અને શ્રુતિબેન ગટને જોડાયા હતા અને આરોગ્ય કર્મચારીઓને સાથે રાખી કાર્ય સંપન્ન કર્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોને દફતર, બોલપેન, પેન્સિલ વગેરેનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના રમતગમત તથા યુવક સેવા સાંસ્કૃતિ વિભાગ દ્વારા પ્રેરીત આ કાર્યમાં અત્યાર સુધી ૧૦૦ શાળા અને ૧૧૪૨૨ બાળકો આવરી લેવામાં આવ્યા છે. સમિતિ દ્વારા ૧૫૦ શાળા આવરી લેવાનો નિર્ધાર છે.



### ઈન્ટરનેશનલ ચેલેન્જર હેન્ડબૉલમાં સાઈના બે ખેલાડીઓને ગોલ્ડ મેડલ

ઈન્ટરનેશનલ હેન્ડબૉલ ફેડરેશન અંતર્ગત કાઠમડું-નેપાળ ખાતે યોજાયેલી હૅન્ડબૉલ સ્પર્ધામાં ભારત, પાકિસ્તાન, નેપાળ, યમન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશની ટીમે ભાગ લીધેલો જેમાં ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને ૪૦/૨૦ ગોલથી સજ્જડ પરાજય આપેલો. ગાંધીનગર સાઈ ટીમનાં અભિષેક સોનવણે અને રમેશ, આ ગોલ્ડ મેડલ વિનર ટીમમાં સભ્ય હતા. આ બંને ખેલાડીને ઈન્ટરનેશનલ હૅન્ડબૉલ કોચ શશી મોહન ધુમાલે પ્રશિક્ષણ આપેલું. ગાંધીનગરનું ગૌરવ વધારનાર આ બંને ખેલાડીને સાઈના સ્ટાફે અભિનંદન પાઠવ્યાં છે.

## જી.સી.સી. અંગ્રેજી ટાઈપ પરીક્ષાનું કેન્દ્ર બદલાયું

### પરીક્ષા સ્વામીનારાયણ હાઈસ્કુલના બદલે એસ.વી. બી.એડ. કોલેજમાં યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તાજેતરમા જી.સી.સી. પરીક્ષા સ્વામી નારાયણ હાઈસ્કુલ, સેકટર-૨૩માં લેવાનાર હતી જે હવે એસ.વી. બી.એડ. કોલેજ, સેકટર-૨૩ ગાંધીનગર ખાતે લેવામાં આવશે.

રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા તા.૧૬મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ જી.સી.સી. પરીક્ષા અંગ્રેજી ટાઈપ શબ્દ ઝડપ-૪૦નું પરીક્ષા કેન્દ્ર સ્વામી નારાયણ હાઈસ્કુલ સેકટર-૨૩માં લેવાનાર હતી. તે પરીક્ષા કેન્દ્ર બદલીને હવે એસ.વી. બી.એડ. કોલેજ, કડી સર્વ વિદ્યાલય, કૅમ્પસ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે લેવાનાર છે. પરીક્ષા બેઠક નંબર ૭૦૧૪૦૧ થી ૭૦૧૫૦૦ સુધીના ઉમેદવારોએ બદલાયેલા પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા આપવાની રહેશે. જેની સૌ પરીક્ષાર્થીઓએ નોંધ લેવી.

## સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે સરસ્વતી વિદ્યાલયમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સરસ્વતી વિદ્યાલય સેકટર-૬-બી, ગાંધીનગર ખાતે નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

સરસ્વતી વિદ્યાલયમાં સ્વામી વિવેકાનંદની જન્મ જંયતિ નિમિત્તે યોજાયેલ નિબંધ લેખન સ્પર્ધામાં અજય સોલંકી પ્રથમ નંબરે અને ધરતી સોલંકી દ્વિતીય નંબરે વિજેતા બન્યા હતા. ચિત્ર સ્પર્ધામાં સાવિત્રી ચુડાસમા પ્રથમ ક્રમે અને માનસી ભટ્ટ દ્વિતીય ક્રમે વિજેતા થઈ હતી. પોસ્ટર સ્પર્ધામાં પૃથ્વી, શ્રેયસ, ધવલ પ્રથમ નંબરે તથા દિલીપ, ધર્મેશ, વિપુલ અને વનરાજે દ્વિતીય નંબર મેળવ્યો હતો. વકતૃત્વ સ્પર્ધામાં વિપુલ પટણી પ્રથમ નંબરે વિજેતા થયા હતા.

સરસ્વતી વિદ્યાલયમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રથમ અને દ્વિતીય નંબર મેળવી ઈનામ જીત્યા હતા.

## ડિપ્લોમા એન્જિનિયરીંગમાં ૨,૫૦૦ વધુ સીટો ઉમેરાશે

અમદાવાદ, તા.૧૩

શિક્ષણ વિભાગે સરકારી પોલિટેકનીક કોલેજોમાં ડિપ્લોમાં એન્જિનિયરીંગની બેઠકોમાં વધારો કરવાનો નિર્ણય કર્યોછે. ૨૫૦૦બેઠકો ઉમેરવામાં આવી છે. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ કોલેજને અરજી કરવા પોલિટેકનિક કોલેજોને અપીલ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગે આ નિર્ણય કર્યાબાદ તેનો સીધો ફાયદો વિદ્યાર્થીઓને થશે. અધિકારીઓએ કહ્યુ છે કે ડિપ્લોમાં એન્જિનિયરીંગમાં બેઠકો વધારવા માટે અરજી ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ ૧૫મી જાન્યુઆરીથી મોકુપ કરીને ૩૦મી જાન્યુઆરી કરી દીધી છે. વિભાગે શક્ય તેટલી વહેલીતકે અરજીઓ કરવા કોલેજોને સૂચના આપી છે જેથી રાજ્યમાં કોલેજોમાં ૨૫૦૦ બેઠકોને વધારો કરી શકાય. ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજોમાં બેઠકો હજુ ખાલી રાખવામાં આવશે. અધિકારીઓએ કહ્યુ છે કે ૬૦૦૦૦ બેઠકો માટે એક લાખથી વધુ વિદ્યાર્થીઓ વાર્ષિક અરજી કરે છે.

## સિદ્ધાર્થ કેરીયર એકેડમીનું અભ્યાસ કેન્દ્ર બદલાયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર વણકર સમાજના ઉપપ્રમુખ કિશોરભાઈ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર ખાતે આવેલી સિદ્ધાર્થ લૉ કોલેજમાં એસ.સી. અને એસ.ટી.ના વિદ્યાર્થીઓને રાહત દરે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવવાના વર્ગો ચાલતા હતા. જે સિદ્ધાર્થી લૉ કોલેજ સાથેના કરાર પૂર્ણ થતાં તે અભ્યાસનું સ્થળ બદલવામાં આવ્યું છે. તો એસ.સી. અને એસ.ટી.ના ઉમેદવારોએ એકેડમીમાં જોડાવા માટે હવે પછી સંસ્થાના ઉપપ્રમુખનો મો. નં. ૯૮૨૪૧૬૯૯૩૬ પર સંપર્ક કરવો. તેમ એકેડેમીના સંચાલકો દ્વારા ખાસ જણાવવામાં આવ્યું છે.

## આર.એન. પટેલ પ્રાથમિક શાળાનો પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવ ઉજવાયો

### ચોકલેટ શોધ, ફુગ્ગાફોડ, સંગીત ખૂરશી, ઘડા દોડ વગેરે સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ચમકયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના હાર્દસમા સેક્ટર-૨૩માં આવેલા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં તાજેતરમાં પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું ખુબ જ હર્ષોલ્લાસપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ ૧ થી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ઝડપી લૂંટ, ૫૦ મી. દોડ, ચોકલેટ શોધ, લીંબુ ચમચી, દોરડા કૂદ, સંગીત ખુરશી વગેરે સ્પર્ધામાં રસપૂર્વક ભાગ લઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવ્યા હતા અને વિજેતા બન્યા હતા.

રમતોત્સવની ૫૦મી. દોડની સ્પર્ધામાં શાળાના ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થી મીત પટણી પ્રથમ નંબરે, મંથન ત્રિવેદી દ્વિતીય નંબરે, સન્ની નાયી તૃતીય નંબરે તથા બહેનોમાં પ્રિયાંશી કટારા પ્રથમ, ઈશા બાની દ્વિતીય અને વિશ્વા પટેલ તૃતીય નંબરે વિજેતા બન્યા હતા.

ચોકલેટ શોધ સ્પર્ધામાં ધોરણ-૧ અને ૨ માંથી ભાઈઓમાં રાજ ત્રિવેદી પ્રથમ, ઓમ પ્રજાપતિ દ્વિતીય, માહિરસિંહ બિહોલા તૃતીય નંબરે તથા બહેનોમાં યામી ચૌધરી પ્રથમ, વિધિ ડોડિયા દ્વિતીય નંબરે અને દિયા લુહાર તૃતીય નંબરે વિજેતા થયા હતા.

ઝડપી લૂંટ સ્પર્ધામાં ધોરણ-૧ અને ૨ માંથી બહેનોમાં ઈશા બાની પ્રથમ, વિશ્વા પટેલ દ્વિતીય અને કિંજલ પાંડે તૃતીય નંબરે વિજેતા બન્યા હતા તથા ભાઈઓમાં મંથન ત્રિવેદી પ્રથમ, કુલદીપ બારોટ દ્વિતીય અને નેહલ મનસુરી તૃતીય નંબરે વિજેતા બન્યા હતા. સંગીત ખુરશીમાં આજ ધોરણના વિદ્યાર્થી મંથન ત્રિવેદી પ્રથમ, પ્રસમ પરમાર દ્વિતીય અને સન્ની નાયી તૃતીય નંબરે તથા બહેનોમાં વિધિ ડોડીયા પ્રથમ, સીયા પટેલ દ્વિતીય અને હર્ષિકા ઝાલા તૃતીય નંબરે વિજેતા બન્યા હતા.

શાળાના ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓમાં દિવ્યાંગ ડામોર, આશિષ રબારી અને વિપુલ ગોહિત તથા બહેનોમાં તન્વીબેન સોની, નંદિની શક્તાવત અને ક્રિના ચૌધરી અનુક્રમે ૫૦ મીટર દોડમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા થયા હતા. સંગીત ખુરશી સ્પર્ધામાં ભાઈઓમાંથી ગૌરવ પટેલ, કરણ રાઠોડ અને મોહમ્મદ અલફાઝ તથા બહેનોમાં નિયતી ગોસ્વામી, મૈત્રી પટેલ અને અંજલિ ખાંટ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા બન્યા હતા. લીંબુ ચમચી સ્પર્ધામાં બહેનોમાં રાધિકાબા ચાવડા, કિંજલ પરમાર અને કાજલ પટેલ તથા ભાઈઓમાં મહર્ષિ પટેલ, અંશુલ ચૌધરી અને મૌલિક ગોસ્વામી અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. દોરડા કૂદ સ્પર્ધામાં બહેનોમાં વિધિબા સોલંકી, નિકીતા નાયી અને ઋષિકા ઝવેરી તથા ભાઈઓમાં ધનંજય ઝાલા, દિવ્યાંગ ડામોર અને જયરાજ બિહોલા અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા.

ધોરણ ૫ અને ૬ની ૫૦ મીટર દોડમાં નીલ પટેલ, યશ પટેલ અને કિશન પટેલ તથા મમતા બાની, મિતાલી રાઠોડ અને શીતલ આંબલીયા પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરે વિજેતા બન્યા હતા. લાંબી કૂદ સ્પર્ધામાં ભાઈઓમાં પ્રિયાંશ ચરપોટ પ્રથમ, નિતિનકુમાર પારગી દ્વિતીય અને જય સાકરીયા તૃતીય ક્રમે તથા બહેનોમાં મિતાલી રાઠોડ, દિશા પટેલ અને મમતા બાની અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા બન્યા હતા.

સંગીત ખુરશી સ્પર્ધામાં બહેનોમાં નિકીતા ચૌધરી, રેસમાબાનુ હગોરની અને હેતલ શુકલા તથા ભાઈઓમાં ક્રિન પટેલ, દેવ પટેલ તથા કેતુલ પટેલ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવ્યો હતો. ફુગ્ગા ફોડ સ્પર્ધામાં દેવ્યાની ગોસ્વામી આર્યશ્રી ચાવડા, શ્રદ્ધા પટેલ અને પિયુષ રોહિત, ધ્રુવિન મેવાડા અને પ્રથમ પટેલે અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવ્યા હતા. દોરડા કૂદ બહેનોમાં ચંદ્રિકા સોલંકી, યાત્રી પટેલ અને

● અનુસંધાન પાના-૭ પર

## સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરનો સંજય વાઘેલા રાષ્ટ્રીય કક્ષાએ ઝળકયો

### નેશનલ લેવલે અંડર ૧૯ જીત કુન ડો સ્પર્ધામાં કાંસ્યચંદ્રક મેળવ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૭માં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરના ધોરણ-૧૨માં અભ્યાસ કરતા સંજય વાઘેલાએ તાજેતરમાં જિલ્લા કક્ષાની અને રાજય કક્ષાની જીત કુન ડૉ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

ગાંધીનગર જિલ્લા ખાતે જિલ્લા રમત ગમત અધિકારી ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષાની યોજાયેલ જીત કુન ડૉ સ્પર્ધામાં અને રાજય કક્ષાની પીંપળજ ખાતે યોજાયેલી જીત કુન ડૉ સ્પર્ધામાં સંજય



કિશનભાઈ વાઘેલાએ પ્રથમ ક્રમ હાંસલ કરી શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું હતું. જિલ્લા અને રાજય કક્ષાએ પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીએ સ્કૂલ ગેઈમ ફેડરેશન ઓફ ઈન્ડિયા, ડાયરેકટરેટ ઓફ એજયુકેશન સ્પોર્ટસ બ્રાન્ચ, દિલ્હી ખાતે નેશનલ લેવલની ૫૮મી નેશનલ સ્કૂલ ગેઈમ ૨૦૧૨-૧૩ની અંડર ૧૯ જીત કુન ડૉ બોયઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં તૃતીય ક્રમ મેળવી કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. સંજય વાઘેલા છેલ્લા ૨ વર્ષથી સેકટર-૪ ખાતે કોચ પ્રજ્ઞેશ મહેરીયા પાસેથી કરાટેની તાલીમ મેળવી રહ્યો છે. શાળાના આચાર્ય બી.એ. ચૌધરી અને શાળા પરિવારે તેને અભિનંદન પાઠવ્યા હતા તથા શાળા તરફથી તેને પ્રોત્સાહિત ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યો હતો.



પહેલા આ ચાઈનીઝ દોરી નથીને તેની ખાત્રી કરો... બોર્ડર ઉપર પડોશી દેશ આપણા જવાનનાં ગળા કાપે છે, અને અહી તમે સીવીલીયનનાં ગળા કાપશો...!!

## જીવવાનું અને જીવન બચાવવાની વાત કહેતાં ઉત્તરાયણ નિમિત્તે સામસામેના છેડે ઊભેલાં લાગતાં છતાં એક જ વાત કહેતાં બે પતંગ કાવ્યો

### ટુકડો આકાશનો એક માંગે...

પતંગોએ આકાશ ઝૂંટવી લીધું,
અગાશીએ આવ્યું વિહંગોનું ટોળું.
ભોળું એ ટોળું ઊડાઊડ કરતું,
ગભરાટમાં આમ તેમ એ ભાગે.
પતંગના દોરમાં પાંખ કપાય ને,
ઘાયલ થઈ ભોંય પર તરફડવા લાગે.
એ તો ટુકડો આકાશનો એક માગે...
આકાશ આખું પતંગોથી છવાયું ને,
વૃક્ષની ઘટામાં આવી અટવાયું,
મોજ કરો ભાઈ તમે ઉડાડી પતંગ,
પણ કરશો ના અમને બહુ તંગ,
દયામણી નજરે ને લોહીલુહાણ પાંખે,
વિહંગની વ્યથામાં મને એમ લાગે.
એ તો ટુકડો આકાશનો એક માગે...
પતંગના પેચમાં થયા ગુલદાન છો,
થોડું રાખો જો તમે સાન ભાન.
પતંગનું પર્વ આમ લાગે રૂપાળું,
પણ પંખીને ઘાયલ થતાં જયાં ભાળું,
હૈયે આવીને ન અટકે રૂદન,
આંખે છલકાઈ જાતાં આંસુ,
લોહી નીંગળતી એની પાંખો જોઈને,
રંગ પતંગના ફિક્કા બધા લાગે.
એ તો ટુકડો આકાશનો એક માગે...

- નટવર હેડાઉ 'વન વિહારી'

### પતંગ શીખવતો જીવવાનું

પતંગ શીખવથો જીવવાનું, આભ અજાણ્યું ભમવાનું...
જીવનને રસભર જીવવાનું...
પતંગ શીખવતો જીવવાનું...
અરે જુઓ આપડા ભાઈ બનાવે પતંગની આ કાયા
અનાડી થઈ ઊડે પતંગો, રચે આભમાં માયા
આ રંગારો દોરી રંગે, ભાઈબંધની સંગે
ઉત્સવ એની આંખમાં ચમકે, દોરી અંગે અંગે
અમે રંગતા દોરી, જાગે આખી શેરી
રંગ ઓરમાં ભરીને અમે રંગતા દોરી
પતંગ શીખવતો જીવવાનું, બંધનની મુક્તિ પામવાનું
પવન તણી દિશાને પકડો, વિકાસ વેગને માનથી જકડો
ઓ પાર, ઓ પાર, ઓ પાર એથી ઓ પાર ઊડવાનું
પતંગ શીખવતો જીવવાનું...
પેચ લડાવો હસતા, હારો જીતો હસતા હસતા...
જીવન જીવો રમતા રમતા, રહો સહુને સદાયે ગમતા...
પતંગ શીખવતો જીવવાનું...

- ભાગ્યેશ જહા

## આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

મિત્રો, ગયા અઠવાડિયે આપણે વાકયોના પ્રકારોનો અભ્યાસ કર્યા બાદ હવે આપણે આજે **Active - Passive Voice** નો સઘન અભ્યાસ કરીએ.

• **Active Voice** (કર્તરી પ્રયોગ)

કર્તા મૂળ સ્વરૂપે હોય તેને કર્તરી પ્રયોગ **(Active Voice)** કહેવાય

દા.ત. **I** (કર્તા) **Write** (ક્રિ.પ.) **a latter.** (કર્મ)

**A latter is Written by me.**

ઉપરોક્ત રચનામાં કર્તા-કર્મની અદલ બદલ કરી **by** મૂકી કર્તા મૂકાય.

● ફેરફારના નિયમો :

(૧) કર્તા - કર્મની અદલ-બદલ.
(૨) કર્મને અનુરૂપ ક્રિ.યા. મૂકાય.
(૩) કાળ પ્રમાણે **be / beinh / been** મૂકાય.
(૪) **by** મૂકીને કર્તા મૂકાય.

આવી રીતે હકાર વાકયોના **Voice** બદલી શકાય.

હવે, નવ કાળનાં **Voice** ઉ.દા. દ્વારા બદલીને સમજીએ.

**(1) You take a book.**
**- A book is taken by me.**
**(2) They are reading a poem.**
**- A Poem is read by them.**
**(3) Manoj has Written by Story**
**- A Story has been Written by Manoj.**
**(4) We got a prize.**
**- A prize was got by us.**
**(5) My Sister was Watching a T.V. Serial.**
**- A T.V. Serial was being Watching by my Sister.**
**(6) The Poen has taken a bog.**
**A bag had been taken by the Poem.**

● પરિચયાત્મક શબ્દો :

આજે આપણે પરિચયાત્મક શબ્દોને વિભાગમાં આપણે ઋતુઓ **(Seasons)** શબ્દોનો પરિચય મેળવીએ.

**Bask** (બાસ્ક) તડકા
**Autumn** (ઑટમ) પાનખર
**Table** (ટેબલ લેન્ડ) ઉચ્ચભૂમિ
**Wet** (વેટ) ભીનું
**Spring** (સ્પ્રિંગ) વસંત